તા.૨૬/03/૨૦૨૫

પ્રતિ,
તંત્રી શ્રી,
દૈનિક.........

**રાજકોટ મહાનગરપાલિકાના રૂ.૫૬૫.૬૩ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત આજ તા.૨૬/0૩/૨૦૨૫ના રોજ ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે યોજાશે.**

**કાર્યક્રમ અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તડામાર તૈયારીઓ: કાર્યક્રમ સ્થળ મુલાકાત લેતા રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનર અને અધિકારીઓ**

રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી, રૂ.૫૮.૫૪ કરોડના ૪ પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂ.૩૩૨.૨૬ કરોડના જુદા જુદા ૩૫ પ્રકલ્પોના ખાતમુહૂર્ત તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા "પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતગર્ત નિર્માણ પામેલ આવાસો પૈકી ખાલી પડેલ **EWS-2** (૧.૫ **BHK**)ના ૧૩૩, **MIG (3 BHK)**ના ૫૦ એમ કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી રૂ.૧૭૪.૮૩ કરોડના ૬ પ્રકલ્પોના ખાતમુહૂર્ત માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવા આજ તા.૨૬/0૩/૨૦૨૫, બુધવારના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળનો પ્લોટ, કટારીયા ઓટો મોબાઈલ્સ શો રૂમની બાજુમાં, નવો ૧૫૦ ફૂટ રિંગ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કાર્યક્રમ અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તા.૨૫/0૩/૨૦૨૫ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા અધિકારીઓ-કર્મચારીઓ અને એજન્સીના પ્રતિનિધિઓને સાથે રાખી સ્થળ મુલાકાત કરવામાં આવી.

આ સ્થળ મુલાકાતમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયરશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડકશ્રી મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ક્લિયરન્સ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, એચ.આર. પટેલ, સુરક્ષા અધિકારી આર. બી. ઝાલા, સહાયક કમિશનર બી.એલ. કાથરોટીયા, સમીર ધડુક, દિપેન ડોડીયા, સિટી એન્જી. પી.ડી.અઢીયા, રોશની વિભાગના સિટી એન્જીનિયર બી.ડી. જીવાણી, સી.એફ.ઓ. અમિત દવે, આરોગ્ય અધિકારી જયેશ વકાણી, એન્ક્રોચમેન્ટ ઓફિસર પરબત બારીયા, ડાયરેક્ટર પાર્ક્સ એન્ડ ગાર્ડન બી.આર.જાકાસણીયા, મેનેજર કૌશિક ઉનાવા, પી.એસ.ટુ મેયર અને મેનેજર વી.ડી.ધોણીયા, નિરજ વ્યાસ, નિલેશ કાનાણી, મયુર ખીમસુરીયા, સુર્યપ્રતાપસિંહ, નાયબ પર્યાવરણ ઈજનેર વલ્લભ જીંજાળા, ડેપ્યુટી એન્જી. ઇન્દ્રજીત વસાવા, એમ.વી.ગાવિત,

વિરમ મુંધવા, બિરજુ મહેતા, રાજેશ બગથલીયા અને એજન્સીના પ્રતિનિધિઓ તથા રાજકોટ મહાનગરપાલિકાના લગત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્થળ મુલાકાતમાં મંડપ વ્યવસ્થા, વી.વી.આઈ.પી. બેઠક વ્યવસ્થા, જનરલ બેઠક વ્યવસ્થા, સ્ટેજ વ્યવસ્થા, મિનીટ ટુ મિનીટ કાર્યક્રમ, ડાયસ પ્લાન, બેકડ્રોપ, પોડિયમ, સાઈનેજીસ, લાઈટ્સ, સાઉન્ડ, એલ.ઈ.ડી., સુરક્ષા, પાર્કિંગ વગેરે તમામ બાબતોની રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓએ માહિતી મેળવી હતી અને અધિકારીઓ અને એજન્સીના પ્રતિનિધિઓને કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જરૂરી ચર્ચા કરી સુચનાઓ આપવામાં આવેલ.

## માન.મુખ્યમંત્રીશ્રીના વરદ્દ હસ્તે થનાર વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત, આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો ની વિગત

## (૧) રાજકોટ મહાનગરપાલિકા

### લોકાર્પણના ૪ કામ (કુલ રકમ રૂ.૫૮.૫૪ કરોડ)

- શહેરી બસ સેવામાં નવી ૨૫ બસનું લોકાર્પણ (કુલ ૧ કામ, રકમ રૂ.30.00 કરોડ)
- બાંધકામ વિભાગને લગત કામો (કુલ ૩ કામ, રકમ રૂ.૨૮.૫૪ કરોડ)
  (મવડી વિસ્તારમાં નવનિર્મિત ઇન્ડોર ગેમ્સ સ્ટેડિયમ સહિતના કામો)

### ખાતમુહૂર્તના ૩૫ કામ (કુલ રકમ રૂ.૩૩૨.૨૬ કરોડ)

- બાંધકામ વિભાગને લગત કામો (કુલ ૩૧ કામ, રકમ રૂ.૩૧૫.૫૦ કરોડ)
  (કાલાવડ રોડ પર નવા રિંગ રોડ ચોક ખાતે નિર્માણ પામનાર "આઇકોનિક ફ્લાયઓવર બ્રિજ સહિતના કામો)
- ડ્રેનેજ નેટવર્કને લગત કામ (કુલ ૩ કામ, રકમ રૂ.૧૩.૬૧ કરોડ)
- વોટર વર્કસ નેટવર્કને લગત કામો (કુલ ૧ કામ, રકમ રૂ.૩.૧૫ કરોડ)

## કુલ ૩૯ કામ, કુલ રકમ રૂ.૩૯૦.૮ કરોડ

- **રાજકોટ મહાનગરપાલિકા દ્વારા "પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતગર્ત નિર્માણ પામેલ આવાસો પૈકી ખાલી પડેલ EWS-2 (1.5 BHK)ના ૧૩૩, MIG (3 BHK)ના ૫૦ એમ મળી કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો**

## (૨) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ

### ખાતમુહૂર્તના ૬ કામ (કુલ રકમ રૂ.૧૭૪.૮૩ કરોડ)

- બાંધકામ વિભાગ (રસ્તા કામ તથા બ્રિજ)ને લગત કામ (કુલ ૪ કામ, રકમ રૂ.૧૦૧.૪૭ કરોડ)
  - કન્સ્ટ્રકશન ઓફ રિંગ રોડ-૨ ફેઝ-૨ ફ્રોમ કણકોટ રોડ ટુ કોરાટ ચોક (રોડ વર્ક)

- કન્સ્ટ્રકશન ઓફ રિંગ રોડ-૨ ફેઝ-૨ ફ્રોમ કણકોટ રોડ ટુ કોરાટ ચોક (બ્રિજ વર્ક)
- કન્સ્ટ્રકશન ઓફ ૪૫.૦મી. ડી.પી. રોડ ફ્રોમ રિંગ રોડ-૨, ફેઝ-૩ (ગોંડલ રોડ ટુ ભાવનગર રોડા) ટુ RMC બાઉન્ડ્રી ઇન રૂડા એરિયા
- કન્સ્ટ્રકશન ઓફ ૪૫.૦મી. ડી.પી. રોડ ફ્રોમ નેશનલ હાઈવે-૨૭ (ખોડિયાર હોટલ) થી કાંગશીયાળી ગામના ગેટ ઇન રૂડા એરિયા

- ડ્રેનેજ વિભાગ (કુલ ૨ કામ, રકમ રૂ.૭૪.૩૬ કરોડ)
  - રોણકી ગામ વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૮/૨ ભૂગર્ભ ગટર યોજના ઇન રૂડા એરિયા
  - કાંગશિયાળી ગામ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજના ઇન રૂડા એરિયા

## કુલ ૬ કામ, કુલ રકમ રૂ.૧૭૪.૮૩ કરોડ

## રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના કુલ કામ ૪૫ અને રકમ રૂ.૫૬૫.૬૩

### ➢ કાલાવડ રોડ પર નિર્માણાધીન આઇકોનિક બ્રિજની વિગત:-

| | |
|---|---|
| એકસ્ટ્રાડોઝ ફલાય ઓવર બ્રીજની વિગત | ■ એકસ્ટ્રાડોઝ ફલાયઓવર બ્રિજની લંબાઇ ૭૪૪ મી., ૨૩.૧૦ મી. પહોળાઇ (૩ + ૩ = ૬ લેન) |
| | ■ એકસ્ટ્રાડોઝ સ્પાનની લંબાઇ ૧૬૦ મી., તથા મેઇન સ્પાન ૮૦.૦૦ મી. |
| | ■ એકસ્ટ્રાડોઝ ફલાયઓવર બ્રિજની લંબાઇ ૭૪૪ મી., ૨૩.૧૦ મી. પહોળાઇ (૩ + ૩ = ૬ લેન) |
| અન્ડર બ્રીજની વિગત | ■ અન્ડરબ્રિજની લંબાઇ ૪૫૯ મી. (૨ + ૨ = ૪ લેન) |
| | ■ અન્ડરબ્રિજ બોકસની સાઇઝ ૮.૫૦ મી. **X** ૪.૫૦ મી |
| વિશેષ વિગત | ■ સૌ પ્રથમ વખત બ્રિજ હેલ્થ મોનિટરીંગ સિસ્ટમનો આ કામે સમાવેશ કરાયેલ છે. |
| | ■ ડેકોરેટીવ લાઇટીંગ અને બી.આર.ટી.એસ.લેન ગ્રેડનો સમાવેશ કરાયેલ છે. |

### ➢ મવડીમાં નવનિર્મિત ઈન્ડોર ગેમ્સ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ:-

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરનાં છેવાડાનાં લોકોને રમત-ગમતની સુવિધા આપવાના મુખ્ય ઉદેશને ધ્યાને લઈ મવડી વિસ્તારમાં વોર્ડ નં.૧૨માં ૧૧,૮૩૧.૦૦ ચો.મી. જગ્યામાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ૧૨૦૦ લોકોની ક્ષમતાવાળું સ્પોર્ટસ સંકુલ બનાવવામાં આવેલ છે. જેમાં આશરે ૯૫૦૦.૦૦ ચોરસ મીટર બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં ઓપન ગ્રાઉન્ડમાં પાર્કિંગની સુવિધા, ટેનિસ કોર્ટ, બાસ્કેટ બોલ કોર્ટ, વોલી બોલ કોર્ટ અને સ્કેટીંગ રીંગનો સમાવેશ થયેલ છે. તેમજ ગ્રાઉન્ડ ફલોર પર સ્પોર્ટસ સંકુલમાં

ટેબલ ટેનીસ કોર્ટ, બેડમિન્ટન કોર્ટ, આર્ચરી, સ્કવોસ, પ્લે-ગ્રાઉન્ડ એરીયા વિગેરે તથા પ્રથમ માળ પર મહિલાઓ તથા પુરૂષો માટે અલગ-અલગ જીમ, યોગા, શુટીંગ રેન્જ, ચેસ, કેરમ વિગેરે રમતો રમી શકાય તે માટે આયોજન કરવામાં આવેલ છે. આ ઇન્ડોર સ્ટેડીયમથી આશરે ૧,૫૦,૦૦૦ લોકોને તેનો ફાયદો થશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, ડ્રેનેજ સમિતિ ચેરમેન સુરેશભાઈ વસોયા, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ક્લિયરન્સ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણી, રૂડાના સી.ઈ.એ. જી.વી.મિયાણીએ માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે યોજાનાર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શહેરીજનોને નિમંત્રણ પાઠવેલ છે.

(પી.એસ. ટુ મેયર)